
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારા ગ્રહ જોતા ચોકલેટનો ખર્ચો માથે પડશે એવુ લાગે છે...!!

# જીએસટી અધિકારીના નામે લાંચ લેતો વચેટીયો ઝડપાયો

**ભંગારની ટ્રક રોકીને રૂ.૪.૨૫ લાખની માંગ કરી હતી, જયારે ફરીયાદીએ રૂ.૧.૮૮ લાખ ઓનલાઈન જીએસટીના ભરી દીધા હતા. બાકીના રૂ.૨.૩૭ લાખ લેવા જતા વચેટીયો ઝડપાયો**

ગાંધીનગર, તા.૯

લોખંડનો ભંગાર ભરેલી ટ્રક રોકીને જીએસટીના અધિકારીએ રૂ.૪.૨૫ લાખની લાંચની માંગણી કરી હતી. જેમાં ફરીયાદીએ ઓનલાઈન રૂ.૧.૮૮ લાખ જીએસટીમાં ભરી દીધા હતા. એસીબીના છટકામાં રૂ.૨.૩૭ લાખ લાંચ લેતો વચેટીયો નિલેશ કનુભાઈ પરમાર ફોન પર હેતુલક્ષી વાત કરી લાંચ લેતા એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એસીબી પોલીસે જીએસટી અધિકારી વિપુલ કનેજીયાને પકડવા માટે તપાસ તેજ કરી છે. એસીબીના છટકામાં જીએસટી અધિકારીનો વચેટીયો પકડાતા હાહાકાર મચી ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનર જુના સચિવાલય વર્ગ-૩ રાજય વેરા ઈન્સ્પેકટર નાયબ રાજય વેરા કમિશનર શ્રીની ઓફિસ ખાતે ફરજ બજાવતા વિપુલ મહાદેવભાઈ કનેજીયા ફરજ બજાવે છે. ત્યારે જીએસટી અધિકારીએ લોખંડના ભંગાર ભરેલી ટ્રક રોકીને રૂ.૪.૨૫ લાખની માંગ કરી હતી.જેથી જીએસટીમાં ફરીયાદીએ રૂ.૧.૮૮ ઓનલાઈન ભરી દીધા હતા.જયારે ઉપરની રકમ રૂ.૨.૩૭ લાખની માંગ કરી હતી. જેથી ફરીયાદી આપવા માંગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારે એસીબી પોલીસે છટકુ ગોઠવી અધિકારીના વચેટીયાએ ફોન પર હેતુલક્ષી વાતચીત કર્યા બાદ રૂ.૨.૩૭ લાખની લાંચ સ્વીકારતા વચેટીયાને પકડી પાડ્યો હતો. એસીબીના છટકામાં જીએસટી અધિકારીનો વચેટીયો પકડાતા હાહાકાર મચી ગયો હતો. જયારે એસીબી પોલીસે જીએસટી અધિકારી વિપુલ કનેજીયાને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટરે આજે કલોલના જાસપુર ગામે દફતર ચકાસણી કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- શહેર જિલ્લામાં આજે ૨૧ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- કલોલમાં લખલૂટ ખર્ચે તૈયાર કરાયેલ સાયકલ ટ્રેક બિસ્માર બનતાં નગરજનોમાં તરેહ તરેહની ચર્ચાઓ ચાલી રહી છે.
- દહેગામ વેપારી અપહરણ પ્રકરણમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી પોલીસની ટીમો પણ જોતરાઈ.
- દહેગામના મીઠાના મુવાડા ગામે સામાજિક પ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા રખિયાલના યુવકનું અકસ્માતમાં મોત થતાં પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- કલોલ તાલુકાના ઉસ્માનાબાદ ગામે બે ઈસમોએ ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાકુ મકાન બાંધતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.
- દહેગામ તાલુકામાં બાગાયતી પાકોની ખેતી માટે એક દિવસીય ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે.

નસે. ૭માં આજે મેટ્રોરેલના ચાલી રહેલા કામકાજ દરમ્યાન ચેનલોનો કેબલ કપાઈ જતાં વસાહતીઓ આજે પરેશાન થયા હતા જો કે સાંજ પછી ચેનલો ચાલુ થઈ ગઈ હતી.

- કલોલમાં રિક્ષાચાલકે મહિલા પેસેન્જર પર્સ ભુલી જતાં તેણીનીને શોધી તે પરત કરી ઈમાનદારી દાખવી હતી.
- દહેગામ ન.પા. દ્વારા પણ મિલ્કતવેરાના દરમાં વધારો કરવાની કવાયત હાથ ધરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પિલરોમાં પડી રહેલી તિરાડોથી કર્મચારીઓમાં ભયની લાગણી જોવા મળી રહી છે.
- આજે સે. ૧૨ બી.આર.સી. ભવન નજીક ભરતીમેળાનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગરના વલાદમાં આધેડના ગળામાંથી સોનાની ચેઈન લુંટી શખ્સ પલાયન થતાં ચકચાર મચી જવા પામી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી છે.
- દહેગામમાં આજે વેપારીઓની એક રેલીનું આયોજન કરાયુ છે. બે વેપારીઓ લૂંટના બનાવનો ભોગ બન્યા હોવાથી આ રેલીનું આયોજન કરાયુ છે.



કૃષિ વિભાગ નાયબ બાગાયતની કચેરી ગાંધીનગર તેમજ ઈસનપુર મોટા સેવા સહકારી મંડળી લી.ના સંયુક્ત ઉપક્રમે ખેડૂત તાલીમ શિબિરનું આયોજન ઈસનપુર મોટા મુકામે રાખેલ. જેમાં કૃષિ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ગામમાંથી મોટી સંખ્યાં ખેડૂત મિત્રોએ હાજરી આપેલ

**પ્રાકૃતિક કૃષિ – "બાગાયતી ખેતીનું નવું આયમ"**

## ગાંધીનગર તાલુકાના ખેડૂતો માટે એક દિવસીય ખેડૂત તાલીમ



ગાંધીનગર,તા.૦૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા " તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ સ્થળ ગામ–ઈસનપુર મોટા, તાલુકો - ગાંધીનગર જી. ગાંધીનગર ખાતે ગાંધીનગર તાલુકાના ખેડૂતો માટે એક દિવસીય ખેડૂત તાલીમ કરવામાં આવી. આ તાલીમમાં ગાંધીનગર તાલુકાના મગોડી, ચિલોડા, ઈસનપુર મોટા, આજુબાજુના કુલ ૧૦૨ જેટલાં ખેડૂતો હાજર રહ્યા હતા. આ તાલીમમાં બાગાયત ખાતાની વિવિધ યોજના,મધ માખી પાલન, આત્મા કચેરી દ્વારા ગાય આધારીત પ્રાકૃતિક ખેતી અપનાવવા, ખેડૂત ગૃપ તૈયાર કરવા અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા, આ કાર્યક્રમમાં બાગાયત ખાતાના, આત્મા કચેરી સે-૧૫ ના, અધિકારી/કર્મચારી શ્રીઓ હાજર રહી માહિતી પુરી પાડી.

## શરેથા કટ પાસે બ્રેઝા ડીવાઈડર કુદીને સામેના માર્ગ પર રીક્ષાને ટકરાઈ

ગાંધીનગર, તા.૯

કલોલ થી અડાલજ તરફ જતા રોડ ઉપર શેરથા પાસે બપોરના સમયે અચાનક બ્રેઝા કારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કાર ડીવાઈડર કુદાવી સામેના માર્ગ પર ઉભી રહેલી રીક્ષાને ટક્કર મારતા પલટી ગઈ હતી. બનાવમાં રીક્ષામાં સવાર મુસાફરોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. અમદાવાદ રાણીપ જોગણી માતાની ચાલી ખાતે રહેતા ચંદુભાઈ જીવણભાઈ વાઘેલા છુટક મજુરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૭ ફેબુઆરીના રોજ કલોલ મેલડી માતાજીના દર્શન કરવા માટે નીકળ્યા હતા. ચંદુભાઈ રાણીપ થી કલોલ જતી રીક્ષામાં બેઠા હતા તેમાં અન્ય ત્રણ મુસાફરો બેઠા હતા. અડાલજ થી કલોલ હાઈ વે તરફ જતા રીક્ષા શેરથા કટ પાસે અચાનક બંધ પડી ગઈ હતી. જેથી ડ્રાઈવર નીચે ઉતરી રીક્ષા ચેક કરી રહ્યો હતો.તે સમયે ચંદુભાઈ રીક્ષામાં બેઠા હતા. જયારે બાકી રહેલા પેસેન્જર ઉતરી ગયા હતા. તે સમયે બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં કલોલ થી અડાલજ માર્ગ પર બ્રેઝા કાર નં. જી.જે.૦૨.ડી.ઈ.-૯૫૦૫ ના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર ડીવાઈડર કુદાવી સામેના માર્ગ પર ઉભી રહેલી રીક્ષા નં. જી.જે.૦૧.સી.ઝેડ-૭૪૩૧ને ટક્કર મારતા તે પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં બે મુસાફરને ઈજા પહોંચી હતી. જયારે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મદદ માટે આવી પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત બે મુસાફરોને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં એક મુસાફરને એડમીટ કર્યા હતા.જયારે ચંદુભાઈને અમદાવાદ લઈ જવાયા હતા.જયાં તેઓને હાથે પગે ફ્રેકચરનુ નિદાન થયું હતુ.બનાવ અંગે તેઓએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલ હોસ્પિટલમાં એમઆરઆઈ મશીનની જગ્યાનું ખાતમૂર્હત કરાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સાડા નવ કરોડના ખર્ચે એમઆરઆઈ મશીન આગામી સમયમાં આવી રહ્યું છે. ત્યારે આજે સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા ૬૦૦ બેડની ઈમારતમાં ભોંયતળીએ મશીનની જગ્યા માટે ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડોકટર્સ અને નર્સિંગ, સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ગાંધીનગર સિવિલ આરોગ્યલક્ષી સુવિધામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. હાલ સુપર સ્પેશ્યાલીટી અને ટ્રો માં સેન્ટરનું કામ પુરજોશમાં ચાલુ છે. બીજીતરફ જુની બિલ્ડીંગની ત્રણ વીંગમાં રીનોવેશનુ કામ શરુ છે. ત્યારે હાલના સમયે સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો છે. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ સારવાર માટે આવે છે. સિવિલમાં



તાવ થી માંડીને ડાયાલિસીટી અને હવે કિમો થેરાપી સેન્ટર પર કાર્યરત કરી દેવાયું છે. ત્યારે સિવિલમાં સિમન્સ ટેસ્લા કંપનીનું સાડા નવ કરોડના ખર્ચે એમઆરઆઈ મશીન માટે ઓર્ડર આપી દેવાયો છે. સિવિલ તંત્ર દ્વારા એમઆરઆઈ મશીન ફીટ કરવા માટે કંપનીને જગ્યા બતાવી દેવાઈ છે. ત્યારે માત્ર ત્રણ માસના ટુંકા ગાળામાં એમઆરઆઈ મશીન ફીટ કરી કંપની તમામ જરુરી સવલતો સાથે મશીન કાર્યરત કરી તે વિભાગની ચાવી સિવિલ સત્તાધિશોને સોંપશે. ત્યારે નવી બિલ્ડીંગમાં ભોંયતળીએ મશીન ફીટ કરવાનું હોવાથી આજે સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણી, ગાયનેક વિભાગના હેડ ડો. બિપિન નાયક, ડો.કલ્પેશ જસપરા, ડો.કલ્પેશ પરીખ, ડો.સુધાબેન શર્મા, સહિત નર્સિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

**કોલવડા ગામે મારી પત્ની આવી છે તેમ કહી યુવકે..**

# પાડોશી મહિલાને લાફો ઝીંકી હાથે પાઈપ મારતા ફરીયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના કોલવડા ચાંમુડાપુરા ખાતે રહેતા યુવકે પાડોશીના ઘરે જઈ મારી પત્ની આવી છે તેમ પુછપરછ કરી ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી પાડોશી મહિલાને લાફો અને લોખંડની પાઈપ મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહિલાએ પેથાપુર પોલીસ મથકે પાડોશી યુવક સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કોલવડા ગામમાં ચાંમુડાપુરા હુડકોમાં રહેતા જાગૃતિબેન મહેન્દ્રભાઈ પરમાર (ઉં.૪૦) પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં એક દિકરી અને બે દિકરા છે.જયારે તેણીના પતિ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે બપોરના સુમારે ફરીયાદી મહિલા અને તેમનો દિકરો બપોરે ઘરે હાજર હતા.તે સમયે બાજુમાં રહેતા પ્રિતેશ ચૌહાણના ઘરે અંદરોઅંદર બોલાચાલી ચાલી રહી હતી. તે સમયે પ્રિતેશભાઈને તેમની પત્ની જયશ્રીબેન ફરીયાદીના ઘરે ગયા હોય તેવી શંકા હતી. જેથી પ્રિતેશભાઈ પાડોશીના ઘરે જઈ બિભત્સ વર્તન કરી કહેવા લાગ્યા કે મારી પત્ની આવી છે. જેથી પાડોશીએ ના કહેતા પ્રિતેશભાઈ ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરવા લાગ્યા હતા. તે સમયે ઝઘડો ઉગ્ર બનતા શખ્સે પાડોશી મહિલાને અચાનક ગાલ પર લાફો ઝીંકી દઈને હાથમાં લોખંડની પાઈપ મારી હતી. ત્યારબાદ ઘરમાં જઈ તેની પત્નીની શોધખોળ કરી હતી. પરંતુ યુવકને પત્ની પાડોશીના ઘરમાંથી મળી ન આવતા સામાન વેર-વિખેર કરી નાંખ્યો હતો. યુવકે જતા જતા મારી પત્નીને અહીં બેસવા દેશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો. જયારે મહિલાને હાથે લોખંડની પાઈપ વાગતા ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ડોકટર દ્વારા ઓપીડી સારવાર આપવામાં આવી હતી. બનાવ અંગે મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં હાલ ઠેર ઠેર વિકાસકાર્યો ચાલી રહ્યા છે. સ્માર્ટસીટી અંતર્ગત પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેક્ટર-૭-સી ખાતે પાઈપલાઈનની કામગીરીના કારણે માટી ભરેલુ આખે આખુ ટ્રેક્ટર ખાડામાં ઉતરી ગયુ હતુ. જો કે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૧૦મીએ ગાંધીનગર ખાતે ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૯

જિલ્લા રોજગાર વિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા ઔધોગિક રોજગાર ભરતીમેળાનું તા.૧૦/૦૨/૨૦૨૩ સવારે ૧૦:૦૦ કલાકે,જિલ્લા પ્રોજેક્ટ કોઓરડીનેટરશ્રીની કચેરી, સેક્ટર-૧૨ બી.આર.સી ભવન, સરકારી પ્રાથમિક શાળા, ગાંધીગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતીનો લાભ લઈ શકાશે. ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએશન, આઈ.ટી.આઈ, ડીપ્લોમા, ગ્રેજ્યુએટ (કાપડ ઉધોગ), તથા બી.એસ.સી હોર્ટીકલ્ચર/એગ્રીકલ્ચર, ઈલેક્ટ્રિકસિયન, ફૂડ પ્રોસેસીંગ, શારિરીક શિક્ષણ, કોસ્મેટોલોજી, બ્યુટી કલ્ચર થેરાપી, ઓટો મોબાઈલ, મીકેનીકલ, બી.ઈ/બી.ટેક, ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ આઈ.ટી.આઈ અને ડીપ્લોમા વગેરે ટ્રેડના ઉમેદવારો ભાગ લઈ શકશે. આથી રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી જિલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા રોજગાર અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અનાથ બાળકોની વહારે સિ.સિ.કા.

ગાંધીનગર, તા. ૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના સૌજન્યથી ગાંધીનગર જિલ્લામાં કોરોના મહામારી સમયે ૧૧૧ જેટલા બાળકો મા-બાપ વગરના નિરાધાર બનેલા. ગુજરાતની સેવાકીય સંસ્થા વિશ્વ ગ્રામ દ્વારા સર્વેમાં આ વિગતો ધ્યાને આવતા એવા નિરાધાર બાળકોનો અભ્યાસ બગડે નહીં તે હેતુથી સિ.સિ.કા. સંસ્થાએ રૂ. બે લાખનો ચેક વિશ્વગ્રામ સંસ્થાના રાહબર સંજય તુલાને તા. ૮-૨-૨૩ બુધવારે વિશ્વગ્રામ ટ્રસ્ટને સિ.સિ.કા.ના કારોબારી સભ્યો સાથે રૂબરૂ અર્પણ કરેલ છે.

દક્ષિણ ભારતની સુનામી, કુદરતી કેદારનાથનો જળપ્રલય, કચ્છનો (ભૂજ) ભૂકંપ, તાપી જળ પ્રલય જેવી કુદરતી હોનારત સમયે પણ સિ.સિ.કા. સંસ્થાએ આર્થિક સેવાકીય સહયોગ આપેલ છે.

## જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા માણસા ખાતે આયુષ મેળો યોજાયો

**આયુષ મેળાને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપ પટેલના હસ્તે ખુલ્લો મુકાયો : માણસા ખાતે યોજાયેલ આયુષ મેળાનો લાભ ૧૬ હજારથી વધુ નાગરિકોએ લીધો**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા માણસા ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. માણસાના મહાકાળી મંદિર હોલ ખાતે યોજાયેલ આયુષ મેળાનો લાભ ૧૬,૮૨૮ નાગરિકોએ લીધો હતો. આયુષ મેળા અંતર્ગત યોજાયેલ યોગ શિબીરમાં માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ સહિત મોટી સંખ્યામાં નાગરિકો સહભાગી બન્યા હતા.

આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલે જણાવ્યું હતું કે, આયુર્વેદ ચિકત્સા પધ્ધતિની કોઇ આડઅસર થતી નથી. પણ હાલની દોડ ભાગની જીવન શૈલીમાં આપણે તુરંત સાજા થવા માટે એલોપેથિ દવા લઈએ છીએ. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૪માં આયુષ વિભાગનું નિર્માણ કર્યું હતું. વસુધૈવ કુટુંબની ભાવના ધરાવતા દેશના




વડાપ્રધાનશ્રીએ વિશ્વના નાગરિકોને સ્વસ્થ રહે તે માટે યોગની ભેટ આપી છે. આયુર્વેદ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાઈ ગઈ છે, કારણકે દૈનિક ખૌરાકમાં ઉપયોગ કરાતા મસાલામાં જ આયુર્વેદ છે.

આયુર્વેદ આપણો વૈશ્વિક વારસો છે, તેવું કહી આયુષ નિયામક શ્રી ડૉ.ચેતના વૈદ્યે જણાવ્યું હતું કે, આયુર્વેદની ઉત્પત્તી ભગવાન બ્રહ્માજીએ કરી છે. કોરોનાકાળમાં નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ માટે આયુર્વેદ ઉકાળા મહત્વના બની ગયા હતા. આયુષ મંત્રાલય દેશના વડાપ્રધાનશ્રીએ અલગ બનાવી દેશના નાગરિકોને આપણી આયુર્વેદ ચિકિત્સાથી જાગૃત કર્યા છે.

## શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૯

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો ૨૯મો સમૂહલગ્નોત્સવ તા. ૧૨-૨-૨૦૨૩ને રવિવારના રોજ દ્વારકેશ કોલ્ડ સ્ટોરેજ, સુજાના મુવાડા, બાયડ-સાંપા રોડ, રક્ષા યુનિવર્સિટીથી લવાડ રોડ ખાતે યોજવામાં આવેલ છે.

જેમાં ૧૯ યુગલો લગ્નગ્રંથિથી જોડાઈ પોતાના નવીન જીવનની શરૂઆત કરશે. આ પ્રસંગે શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજના જ્ઞાતિબંધુઓને પધારવા સમાજના પ્રમુખ અમૃતભાઈ એમ. પ્રજાપતિ અનુરોધ કરે છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended December 31, 2022**

(₹ in Crores)

| Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) |
| | December 31, 2022 | December 31, 2021 | December 31, 2022 | December 31, 2021 | March 31, 2022 | December 31, 2022 | December 31, 2021 | December 31, 2022 | December 31, 2021 | March 31, 2022 |
| Total Income from Operations | 3,518 | 3,236 | 10,031 | 8,917 | 12,505 | 4,006 | 3,916 | 11,505 | 10,697 | 14,866 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 165 | 147 | 518 | 236 | 435 | 159 | 148 | 447 | 354 | 511 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 165 | 370 | 518 | 300 | 499 | 159 | 348 | 430 | 539 | 696 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 111 | 296 | 379 | 206 | 350 | 109 | 259 | 295 | 420 | 535 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 167 | 292 | 321 | 212 | 386 | 177 | 250 | 228 | 424 | 579 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | | | 4,907 | | | | | 4,249 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| a) Basic | 6.81 | 18.22 | 23.31 | 12.68 | 21.57 | 7.92 | 18.13 | 19.09 | 29.08 | 36.28 |
| b) Diluted | 6.81 | 18.22 | 23.31 | 12.68 | 21.57 | 7.92 | 18.13 | 19.09 | 29.08 | 36.28 |

**Notes:**
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 09, 2023. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
3 The Ahmedabad bench of Hon'ble National Company Law Tribunal (NCLT) has approved the Scheme of amalgamation ('the Scheme') of JMC Projects (India) Limited ('JMC') with the Company and their respective shareholders vide its Order dated December 21, 2022. A certified copy of the Order was filed with the Registrar of Companies on January 04, 2023 and the scheme became effective. The appointed date as per the Scheme is April 1,2022.
The Impact of amalgamation has been accounted in standalone financial results as per Appendix C of Ind AS 103 – 'Business Combinations' as common control transaction. Accordingly, the amounts relating to the year 31 March 2022 include the impact of the business combination and the corresponding amounts for the previous quarter and year to-date ended 31 December 2021, previous quarter ended 30 September 2022, have been restated after recognising the effect of the amalgamation as above.

Place : Mumbai
Date : February 09, 2023

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants. b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.